આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- આશુતોષ અંતાણી

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ: ૨૭-૦૭-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

# પ્રધાનમંત્રી-નીતિ આયોગ બેઠક

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના અધ્યક્ષપદે નિતી આયોગની સંચાલન પરિષદની નવમી બેઠક આજે દિલ્હીના રાષ્ટ્રપતિ ભવનના સાંસ્કૃતિક કેન્દ્રમાં યોજાશે. આ બેઠકની વિષયવસ્તુ છે વર્ષ 2047 સુધીમાં ભારતને વિકસિત દેશ બનાવવો.

આ બેઠકમાં વિકસિત ભારતના દ્રષ્ટિકોણ અંગેના દસ્તાવેજ પર ચર્ચાવિચારણા થશે. નિતીઆયોગના સૂત્રોના જણાવ્યા મુજબ દેશના નાગરિકોના જીવન ધોરણની ગુણવત્તામાં વધારો કરવા કેન્દ્ર અને રાજય સરકારો વચ્ચે સહકાર અને સુશાસનને કેન્દ્રમાં રાખવાની બાબત આ ચર્ચાના કેન્દ્રમાં રહેશે. એવી જ રીતે વિકસિત ભારતનું ધ્યેય હાંસલ કરવામાં રાજયોની ભૂમિકા અંગે બેઠકમાં ચર્ચા વિચારણા કરાશે.

આજની આ બેઠકમાં પ્રધાનમંત્રી ઉપરાંત રાજયોના મુખ્યમંત્રીઓ, કેન્દ્રશાસિત પ્રદેશોના ઉપરાજયપાલો, નિતીઆયોગના ઉપાધ્યક્ષ અને આમંત્રિત પ્રતિનિધિઓ ભાગ લેશે.

**(NSD)**

---------------------------------------------------------------------------

## મુખ્યમંત્રી-ઓલિમ્પિક સ્પર્ધા-શુભેચ્છા

રમત ક્ષેત્રે પ્રતિષ્ઠિત ઓલિમ્પિક સ્પર્ધાનો ફ્રાન્સના પેરિસમાં ગઈકાલથી આરંભ થયો. ભારતીય સમય મુજબ ગઈકાલે રાત્રે **11** વાગ્યે ઓલિમ્પિક સ્પર્ધાનો ઉદઘાટન સમારંભ સેન નદી ખાતે યોજાયો હતો.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પેરિસ ઓલિમ્પિકમાં ભાગ લઈ રહેલા ગુજરાતના 3 ખેલાડીઓ હરમીત દેસાઇ, માનવ ઠક્કર અને ઇલાવેનિલ વાલારિવાન ઉપરાંત તમામ ભારતીય ખેલાડીઓને સમગ્ર ગુજરાત વતી જ્વલંત સફળતાની શુભેચ્છાઓ પાઠવી છે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## રાજય-આરોગ્યમંત્રી-EDL દવાઓ

રાજ્ય સરકારે જીવન રક્ષક આરોગ્ય દવાઓ- **EDL**ની યાદીમાં આ વર્ષે નવી ૬૬૫ દવાનો ઉમેરો કર્યો છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે**,** અગાઉ રાજ્ય સરકારની **EDL**ની યાદીમાં ૭૧૭ દવાઓ હતી**,** જે હવે વધીને ૧ હજાર ૩૮૨ થઇ છે. તેમણે કહ્યું કે, રાજ્યના પ્રત્યેક દર્દીને શ્રેષ્ઠતમ સારવાર અને ગુણવત્તાયુક્ત દવાઓ ઉપલબ્ધ કરાવવી**,** એ જ અમારી સરકારની પ્રાથમિકતા છે

મંત્રીશ્રીએ વધુ વિગતો આપતા ઉમેર્યું હતું કે**, EDL**ની યાદીમાં હવે કાર્ડીઓ વેસ્ક્યુલરની દવાઓ વધીને ૧૧૭, એન્ટી ઇન્ફેક્ટીવની દવાઓ વધીને ૧૯૯**,** એન્ટી કેન્સરની દવાઓ વધીને ૪૭ અને ન્યૂરોલોજીકલ અને સાઈકેટ્રીકની દવાઓ વધીને ૧૨૩ થઇ છે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## મુખ્યમત્રી-એક પેડ મા કે નામ-અભિયાન

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 'એક પેડ માં કે નામ' અભિયાનનો ગઈકાલે ગાંધીનગર ખાતેથી આરંભ કરાવ્યો. પર્યાવરણના રક્ષણ માટે તારીખ ૩૧મી ઓગસ્ટ સુધી સમગ્ર રાજ્યમાં વૃક્ષારોપણ દ્વારા શહેરી વનનું નિર્માણ કરવામાં આવશે. મુખ્યમંત્રીએ ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારના કોબા ખાતેથી વડનું વૃક્ષ વાવીને આ અભિયાનનો પ્રારંભ કરાવ્યો.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## રાજય –માહિતી અધિકારીઓ

રાજ્ય સરકારે માહિતી આયોગમાં મુખ્ય માહિતી કમિશ્નર અને અન્ય ત્રણ માહિતી કમિશનરોની નિમણૂકનું જાહેરનામું પ્રસિધ્ધ કર્યું છે. રાજ્યના મુખ્ય માહિતી કમિશ્નર તરીકે ડો. સુભાષ સોનીની નિયુક્તિ કરવામાં આવી છે, જ્યારે માહિતી કમિશનરો તરીકે નિખિલ ભટ્ટ, મનોજ પટેલ અને સુબ્રમણ્યમ ઐયરની નિયુક્તિ કરવામાં આવી છે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## પ્રધાનમંત્રી-મન કી બાત-કાર્યક્રમ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે રવિવારે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે. અગિયાર વાગ્યે હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ તેનો ગુજરાતીમાં ભાવાનુવાદ પ્રસારિત કરાશે. આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના બધા જ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, એઆઈઆર ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન એઆઈઆર મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે.

ઉપરાંત આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યલય તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ તેનું જીવંત પ્રસારણ કરાશે.

(NSD)

---------------------------------------------------------------------

## રાજય-હવામાન

હવામાન વિભાગે દક્ષિણ ગુજરાતના ઘણા સ્થળોએ ભારેથી અતિભારે વરસાદ જ્યારે મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતના ઘણા સ્થળોએ ભારે વરસાદ થવાની આગાહી કરી છે. હવામાન વિભાગની એક સત્તાવાર યાદી મુજબ, રવિવાર અને સોમવારે મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિભારે જ્યારે સોમવારે ઉત્તર અને મધ્ય ગુજરાતમાં ઘણાં વિસ્તારોમાં હળવોથી ભારે વરસાદ થવાની સંભાવના છે.

(RNU અમદાવાદ)

---------------------------------------------------------------------

## કચ્છ-હવામાન

દરમ્યાન ગઈકાલે કચ્છ જીલ્લામાં કોઈપણ સ્થળેથી નોંધપાત્ર વરસાદ થયો હોવાના સમાચાર મળ્યા નથી. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી તારીખ 29 જુલાઈથી વરસાદનો નવો રાઉન્ડ થાય તેવી સંભાવના છે.જીલ્લામાં મહત્તમ તાપમાન 33 ડિગ્રી સેલ્સિયસ આસપાસ રહેતા જીલ્લાવાસીઓને ગરમીમાં રાહત મળી છે.

(NP/આશુતોષ અંતાણી)

---------------------------------------------------------------------

## ક્રિકેટ-મહિલા એશિયા કપ-ભારત-બાંગ્લાદેશ

**શ્રીલંકા ખાતે રમાઈ રહેલી મહિલા ક્રિકેટ એશિયા કપ સ્પર્ધામાં ભારતે બાંગ્લાદેશને 10 વિકેટથી પરાજીત કરી ફાઈનલમાં સ્થાન પાકુ કર્યુ છે. બાંગ્લાદેશે**

આપેલા **81** રનના લક્ષ્યાંકને ભારતે **11**મી ઓવરમાં વિના વિકેટે પાર કરી વિજય મેળવી લીધો હતો.

**(NP/આશુતોષ અંતાણી)**

---------------------------------------------------------------------------